દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

ઓગસ્ટ ૨૦૨૫



# જૂઠું ના બોલાય

## સંપાદકીય

બાળમિત્રો,

માની લો, કે કોઈથી એક વાર જૂઠું બોલાઈ ગયું. પછી એને પકડાઈ નથી જવું, એટલે એ ફરી વાર જૂઠું બોલે. અને એમ કરતા કરતા એનું જૂઠ પકડાઈ ના જાય તેના માટે એ વારે વારે જૂઠું બોલે. એને તો એમ જ લાગે, કે એ પોતાના ફાયદા માટે જૂઠું બોલે છે. પણ ફાયદો તો બાજુએ રહી જાય અને નુકસાન જ નુકસાન થઈ જાય. આવો ખોટનો વેપાર કોણ કરે, તમે કરો ?

ના, કોઈને એમ કરવાની ઈચ્છા ના હોય. પણ છતાંય કોઈક વાર થઈ જાય. તો ચાલો, આ અંકમાં જોઈએ, કે જૂઠું કેમ બોલાતું હશે ? જૂઠું બોલવાથી શું નુકસાન થાય ? જૂઠું બોલવાની બાબતે બીરવા સાથે કીડીબેનની શું ચર્ચા થઈ અને ગપ્પીદાસ સસલું શું શીખ્યું ? થીઓ એન્ડ ફ્રેન્ડ્સ એડ્વેન્ચર પર ક્યાં નીકળ્યા અને આલુ-ચીલીની લાઈફમાં આગળ શું બન્યું... ?

- ડિમ્પલ મહેતા




August, 2025
Year 17, Issue : 12
Conti. Issue No.: 204
Published Monthly

સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.

© 2025, Dada Bhagwan Foundation
All Rights Reserved

Price Per Copy: NIL


# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા** : જૂઠું કેમ બોલાય છે ?

**પૂજ્યશ્રી** : કંઈ જોઈતું હોય અને એને મળે નહીં, એટલે જૂઠું બોલીને પછી મેળવે. પોતાનું સારું દેખાડવા માટે જૂઠું બોલે છે. ઈમ્પ્રેશન પાડવા જૂઠું બોલી નાખે. બીજું, ભયને લીધે જૂઠું બોલે છે. અંદર છૂપો ભય છે કે કોઈ મને શું કહેશે ?

**પ્રશ્નકર્તા** : હું નાની નાની વાતમાં ડરના કારણે બહુ બધી વાર ખોટું બોલી દઉં છું. તો મારે શું કરવું જોઈએ ?

**પૂજ્યશ્રી** : એક વખત સાચું બોલી જવાનું. પછી અનુભવ થશે, કે કંઈ વાંધો ના આવ્યો. ખોટું બોલવાની જરૂર જ નથી. અપમાનનો ડર લાગે છે, કે મને વઢશે તો ? વઢવું હોય તો વઢશે, પણ ખોટું બોલવા જેવું નહીં.



આપણાથી કંઈ ફૂટી ગયું અને મમ્મી પૂછે, 'કોણે ફોડ્યું ?' તો આપણે કહી નાખીએ, 'મને ખબર નથી.' જૂઠું બોલી દઈએ. ખોટું બોલાય ને તો થોડી વાર પછી કહી દેવાનું કે, 'મારાથી આ ખોટું બોલાઈ

ગયું. મારાથી જ ફૂટી ગયું હતું. રમતો હતો ને, ત્યારે ફૂટી ગયું.' સાચું કહી દેવાનું. સાચું કહેવાથી બધા રાજી થશે અને કોઈ વઢશે નહીં.

**પ્રશ્નકર્તા :** જૂઠું બોલવાથી શું નુકસાન થાય ?


**પૂજ્યશ્રી :** જૂઠું બોલવાથી લોકોને આપણી ઉપર વિશ્વાસ ના રહે, લોકો કહે, કે આ તો જૂઠા છે, નકામા. જૂઠું બોલાઈ જાય તો માફી માંગવી. જેની જોડે બોલાયું એને કહેવું, 'મારી ભૂલ થઈ ગઈ. હવે હું નહીં બોલું.' કોઈ આપણી પાસે જૂઠું બોલે તો આપણને ગમતું નથી. તો આપણે નક્કી કરવું જોઈએ, કે આપણે કોઈની પાસે જૂઠું બોલવું નથી.

સામો જૂઠું બોલતો હોય એ આપણને ના ગમતું હોય તો આપણે તપાસ કરવી, કે આપણે આવું જૂઠું જિંદગીમાં કોઈ દહાડો બોલ્યા છીએ ? જો મળે, તો એની માફી માંગવાની અને ફરી નથી બોલવું એવું નક્કી કરવાનું.




# ચાલો રમીએ...

નિશાની પ્રમાણે ચોરસમાં કલરફૂલ ખાના ઉમેરો કે બાદ કરો અને જમણી બાજુ આપેલા જવાબોમાંથી સાચા જવાબ સાથે જોડો.






ગપ્પીદાસ
સસલું
જંગલમાં થોડા દિવસથી અજીબ અજીબ ઘટના ઘટતી હતી. બધાને નવાઈ લાગતી હતી. પરંતુ કોઈને કંઈ સમજાતું નહોતું.
જંગલના રાજા સિંહ એક દિવસ વિચાર કરતા બેઠા હતા. ત્યાં શિયાળે આવીને પૂછ્યું, ‘રાજાજી, કેમ આટલા ચિંતામાં છો ?’ ‘ના રે ના. ચિંતા તો કંઈ નથી. પણ આશ્ચર્ય ઘણું છે. આ જંગલમાં નદી કિનારે આવેલા વૃક્ષો એક પછી એક ધડાધડ પડી રહ્યા છે. જંગલમાં આટલું તાકાતવાન કોણ છે ? એ કંઈ સમજાતું નથી.’, સિંહે જરા ટટ્ટાર થતા જણાવ્યું.
‘બસ, આટલી અમથી વાત ! તમે હુકમ કરો તો હમણાં જ જાણી લાવું.’, એમ કહેતા શિયાળ રાજાની પરવાનગીની રાહ જોયા વગર નદી તરફ ચાલતું થયું.
રાજાને પ્રિય થવાનો આવો મોકો ફરી ક્યાં મળે ?


શિયાળે નદી કિનારે જઈને જોયું તો તેની આંખો પહોળી જ રહી ગઈ. તેણે જોયું, કે એક નાનું અમથું સસલું કંઈક ખાતું હતું.
એ ખાધા પછી તેણે પોતાના આગળના પગ ઊંચા કરીને તાકાત બતાવી અને દોડીને ફટાક કરતા એક ઝાડ નીચે પાડી દીધું.
શિયાળ રાજા પાસે પાછું ફર્યું અને આખી વાત જણાવી. આ સાંભળીને સિંહ વિચારમાં પડી ગયો. તેણે શિયાળને કહ્યું, ‘આ મગતરા જેવડા સસલામાં એવી તાકાત આવી ગઈ, કે એ આખેઆખા ઝાડને પાડી શકે ! તું હમણાં જ પાછો જા અને એને મારી સામે હાજર કર.’


સમય ગુમાવ્યા વગર શિયાળ ફરી નદી કિનારે ગયો અને સસલાને પકડીને રાજા સામે હાજર કર્યો. તેને પણ આટલા શક્તિશાળી બનવાનું રહસ્ય જાણવું હતું. સસલાને જોઈને સિંહે ત્રાડ પાડી, 'મારા આ જંગલમાં મારી જાણ બહાર તું આટલો શક્તિશાળી બનીને શું ખેલ કરી રહ્યો છે ?'
સસલાએ ગભરાયા વગર કહ્યું, 'આ બધો જાદુ તો મારા લાલ ચટ્ટાક ફળનો છે.' સિંહે શંકા સાથે પૂછ્યું, 'રાજા સાથે મજાક કરે છે ? તેની સજા તને ખબર છે ને ?'
સસલાએ કહ્યું, 'એક વાર એ ફળ ખાઈને અખતરો કરી જુઓ. મારી વાત ખોટી જણાય તો પછી મારું માથું ને તમારો પંજો. તમારે જે કરવું હોય તે કરજો.'


સિંહ ખાતરી કરવા માટે સસલા સાથે નદી કિનારે ગયો. સસલાએ તેને એક સરસ મજાનું લાલ ચટ્ટાક ગોળમટોળ ફળ આપ્યું. સિંહે તે ફળ ખાધું. ફળ તો સારું હતું.
હવે જોવાનું એ હતું, કે તે કામ કરે છે કે કેમ ! ફળ ખાઈને સિંહે એક મોટા ઝાડને પગથી ધક્કો માર્યો અને સાચે જ ઝાડ પડી ગયું. પછી તો આ વાત વાયુવેગે આખા જંગલમાં ફેલાઈ ગઈ.


જંગલમાં જેમ જેમ પ્રાણીઓને આ વાત ખબર પડવા લાગી તેમ તેમ સસલાની વાહ વાહ થવા લાગી. તેનું માન વધી ગયું. કોઈએ પૂછ્યું પણ ખરું, 'સસલાભાઈ, આવું ફળ તમને મળ્યું ક્યાંથી ?' સસલું કહે, 'આવું કિંમતી ફળ મળે થોડું ! એ તો મેં જંગલમાંથી શોધી કાઢ્યું છે.'



આ સાંભળીને તો બધા સસલાને માનથી જોવા લાગ્યા. એ ફળ મેળવવા માટે તેની આગળ પાછળ ફરવા લાગ્યા. પણ એમ કંઈ સસલું બધાને સીધેસીધું ફળ થોડું આપે ? પહેલા ફળ લેવા આવનારને બેસાડે. પછી પોતાની બહાદુરીની વાતો સંભળાવે.


‘આ ફળ ખાવાથી મારામાં એટલી તાકાત આવી ગઈ, કે આ ઝાડ તો ઠીક છે, પણ એક દિવસ રાત્રે બાજુના જંગલમાંથી હું એકલો આવતો હતો ત્યારે મારી પાછળ બે વાઘ પડ્યા અને મેં એકલા હાથે તેમને ભગાડી મૂક્યા.’ આવી તો કેટલીયે વાતો સસલું બધાને કરે.


જંગલમાં સસલાના માનપાન વધી ગયા. કંઈ પણ નિર્ણય લેવાનો હોય, તો પહેલા સસલાને પ્રાણીઓ પૂછવા લાગ્યા. આ જોઈને સિંહને ચિંતા થવા લાગી. તેણે ફરી શિયાળને બોલાવ્યું અને કહ્યું, 'મારા મગજમાં આ વાત બેસતી નથી. એક ફળ ખાવાથી આટલી બધી તાકાત આવે કેવી રીતે ? તું તપાસ કર અને મને સાચી વાત જણાવ.'
શિયાળે થોડા દિવસ સસલા પર નજર રાખવાનું શરૂ કર્યું. એક દિવસ શિયાળ સસલાને પકડીને રાજા પાસે લઈ આવ્યો અને જંગલના બીજા પ્રાણીઓને પણ રાજા પાસે બોલાવ્યા. બધા આવ્યા એટલે શિયાળે કહ્યું, 'આ સસલાની બધી જ વાતો ડંફાસવાળી છે. એ લાલ ફળ બીજું કંઈ નથી, એ તો શહેરમાં મળતું ટામેટું છે. જે આપીને સસલાએ આપણને મૂર્ખ બનાવ્યા.'


'પણ એ ખાવાથી ઝાડને પાડી નાખવાની તાકાત આવી જતી હતી તેનું શું ?', ચિત્તાએ સામે પ્રશ્ન પૂછ્યો.
'એના વિશે આ સસલાકુમારને જ પૂછો !', શિયાળે સસલા સામે જોઈને કહ્યું.
સસલાએ ડરતા ડરતા જણાવ્યું, 'નદીની આજુબાજુ સડી ગયેલા, નબળા પડી ગયેલા ઝાડની ફરતે, તેને સુકવવા માટે દવા નાખતા માણસોને મેં જોઈ લીધા હતા.
મને ખબર હતી, કે હવે આ ઝાડના થડ એટલા નબળા પડી ગયા છે, કે મારા અડવાથી પણ એ પડી જશે. એટલે વટ પાડવા માટે મેં આખી વાતની યોજના બનાવી.'


આ સાંભળીને બધા પ્રાણીઓ ગુસ્સે ભરાયા
અને સસલાને મારવા માટે આગળ વધ્યા. તેથી
સસલું ગભરાઈને સિંહના પગમાં પડી ગયું. તેણે
રાજાની માફી માંગતા કહ્યું, 'મારી જૂઠું બોલીને,
ડંફાસ મારવાની ટેવ મને ભારે પડી. હું ફરી આવું
ક્યારેય નહીં કરું. મને માફ કરી દો.'


સિંહે પ્રાણીઓને અટકાવતા કહ્યું, 'સસલાને તેની ભૂલ
સમજાઈ ગઈ છે. તો તેને સુધારવાની એક તક આપવી
જોઈએ.' પછી સસલા સામે જોઈને કહ્યું, 'જો ફરી આવી ભૂલ
કરી છે, તો તને મારવા માટે અમને એકેય લાલ
ફળની જરૂર નહીં પડે !', આ સાંભળીને બધા
પ્રાણીઓ હસી પડ્યા. સસલું શરમથી નીચું
જોઈ ગયું.






જૂઠું બોલીને લાભ ઉઠાવવો બધો, છેતરપિંડી કરવી એ માનવતાથી ઊતરી ગયો, પાશવતામાં ગયો. દસ વખત સામો જૂઠું બોલે તોય આપણે સાચું બોલીને હેલ્પ જ કરીએ.

# આ તો





જેને જૂઠું બોલવાની ટેવ પડી ગઈ હોય, એણે જોડે જોડે માફી માગવાની ટેવ પણ પાડી દેવી.





જૂઠું બોલીએ અને પકડાઈએ નહીં પણ પછી તેનો દંડ આવતા ભવે મળે. આવતા ભવે સાચું બોલ્યા હોઈએ તોય જૂઠું બોલ્યાનો આક્ષેપ આવે.

# નવી જ વાત !



ખોટી વાણી બોલવાથી તો આ જીભ જતી રહેલી ને. (મૂંગા થઈ જવાય.) એ દંડ છે બધો.



# ચાલો રમીએ...

સસલાને ગાજર સુધી પહોંચાડો.




# AALOO CHILLY

થીઓના કેફે પર પોતાના માટે થઈ રહેલી પાર્ટી જોઈને ચીલીનો મૂડ માંડ સારો થયો હતો. પણ ત્યાં એણે કોકોને જોઈ અને બધાએ જે રીતે કોકોના વખાણ કર્યા, તેનાથી ચીલીને ફરી બધું બળવા લાગ્યું. એ પાર્ટી છોડીને જતો રહ્યો. એને જતો જોઈને આલુ એની પાછળ ગયો. હવે આગળ શું થાય છે એ આલુ જ કહેશે.

**ચીલીની આંખમાં પાણી જોઈને મને ખૂબ દુઃખ થયું. એના માટે તો આ પાર્ટી રાખી હતી અને એ જ... મને લાગે છે એક વાર હું એની સાથે વાત કરી લઈશ એટલે બધું સરખું થઈ જશે.**


**હું એની પાછળ ગયો. નજીક જઈને એને બોલાવ્યો, 'ચીલી, ક્યાં જાય છે ? ચલને આપણે સાથે ચીલી શેક પીએ !'**



ચીલી પાછળ ફર્યો અને ખૂબ રડવા માંડ્યો અને બોલવા માંડ્યો, 'તાલે જે કલવું હોય ટે કલ. પાલ્ટી માલી છે, તો ટોટો અહીંયા સુ કલે છે ? ટુ માલો ફ્લેન્ડ  છે કે કોકોનો ?'

ત્યાં તો પાર્સલી આવ્યો ને મને કાનમાં કહેવા લાગ્યો, 'આલુભાઈ, આ શું બોલે છે ? આ રડતા રડતા બોલશે તો ખબર કેવી રીતે પડશે ?' અને મને થયું, સરખું તો બોલે છે. મેં પાર્સલીને કહ્યું, 'એ કહે છે, કે તારે જે કરવું હોય તે કર. પાર્ટી મારી છે, તો કોકો અહીંયા શું કરે છે ? તું મારો ફ્રેન્ડ છે કે કોકોનો ?'

અને હું ચીલીને કંઈ કહું એ પહેલા તો પાર્સલી બોલવા માંડ્યો, 'તને શરમ



નથી આવતી ચીલી ? આલુભાઈએ તારા માટે આટલી મહેનત કરી. તું હારી ગયો છે, તો પણ તારા માટે આટલી મોટી પાર્ટી આપી ! અને તો પણ તું એમને ગમે તેવું બોલે છે !'

બસ, પછી તો ચીલીનું રડવાનું બંધ થઈ ગયું અને એ ગુસ્સાથી લાલપીળો થઈ ગયો અને કહેવા લાગ્યો, "તો નહોતું કરવું. મેં એને ક્યાં કહ્યું હતું, કે મારા માટે પાર્ટી રાખ. પણ મેં તો એના માટે પાર્ટી આપી હતી. એ જેટલી વાર સ્કેટિંગ પ્રૅક્ટિસ કરતો હતો, ત્યારે હું એને ચિયર કરવા જતો હતો અને હું એને એવું પણ નહોતો કહેતો, કે 'કદાચ કુલ્ફી જીતી જશે.' હું કાયમ એવું જ કહેતો હતો, કે 'આલુ, તું જ જીતીશ, તું કરી શકીશ.' મેં કુલ્ફીને મારો ફ્રેન્ડ નહોતો બનાવી લીધો !"

મારી ઈચ્છા નહોતી તો પણ ચીલીને મારાથી દુઃખ થઈ ગયું હતું. એટલે મારાથી કહેવાઈ ગયું, 'સૉરી ચીલી, તું મારી વાત સાંભળ ને... હું તને કહું...'

આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
Click Here
https://shorturl.at/CvoAC

**આલુને પોતાની વાત ચીલીને કહેવી જ છે, પણ શું ચીલી એની વાત સાંભળશે ?**

# વાતચીત વિથ કીડી

બીરવા રસોડામાં ગઈ. પ્લૅટફૉર્મ પર ડિશમાં કંઈક ઢાંકેલું જોયું. ખોલીને જોયું તો સરસ મજાની પેસ્ટ્રી હતી. તેના મોંમાં પાણી આવી ગયું. તેનાથી રહેવાયું નહીં. ગપાગપ બે વારમાં તો અડધી પેસ્ટ્રી પેટમાં પહોંચી ગઈ. ત્યાં એની ફ્રેન્ડનો અવાજ સંભળાયો. તે ફટાફટ બહાર આવી.

બીરવાને એની ફ્રેન્ડ રમવા માટે બોલાવવા આવી હતી. તે એની સાથે રમવા જતી રહી. રમીને બીરવા પાછી આવી. ત્યારે મમ્મી રસોડામાં વચ્ચે જ મોટી આંખો કાઢીને ઊભા હતા. બીરવાને જોતાવેંત બોલ્યા, 'આ પેસ્ટ્રી કોણે ખાધી ?'


બીરવા વિચારવા લાગી, હવે શું કહેવું ? જો સાચું બોલીશ તો મમ્મી ખિજાશે. એના કરતાં ખોટું જ કહેવા દે. મમ્મીને ખબર નહીં પડે. આ પહેલા પણ મમ્મી મને ક્યાં પકડી શક્યા હતા ? એ કંઈ બોલે એ પહેલા બીજા કોઈનો અવાજ સંભળાયો, 'એ તો મેં ખાધી છે.'



બીરવા અને એના મમ્મી બન્ને અવાજ બાજુ જોવા લાગ્યા. ત્યાં એક લાલ ચટાક કીડી ટટ્ટાર ઊભી હતી. મમ્મી સામે જોઈને કીડી કહે, 'તમે આમ ખાવાની વસ્તુ ખુલ્લી મૂકીને જતા રહો તો એમ જ થાય ને, કે અમારા માટે હશે. એટલે હું પૂછવા ના રહી અને એમાંય પાછી આવી સ્વાદિષ્ટ પેસ્ટ્રી !'

બીરવા મનમાં બોલી, 'હાશ... આજે તો આ કીડીએ મને બચાવી લીધી. પણ આ કીડી છે બહુ જબરી ! તેને તો મમ્મીની પણ બીક નથી લાગતી. સાચેસાચું કહી દીધું. પણ મમ્મી આગળ કંઈ પૂછે નહીં તો સારું.'

મમ્મી હજુ કંઈક આગળ પૂછવા જતા હતા, ત્યાં એમના ફોનની રિંગ વાગી. એટલે તેઓ ફક્ત એટલું જ બોલ્યા, 'તમે બન્ને અહીં જ ઊભા રહો. આવીને તમારો વારો કાઢું છું.', એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.





બીરવા કીડી સામે જોઈને બોલી, 'થેન્ક યૂ, યાર.'

કીડી કહે, 'થેન્ક યૂ ? શેના માટે ?'

બીરવા કહે, 'તેં મને બચાવી લીધી માટે.'

કીડી જરા મોટા અવાજે બોલી, 'મેં તને બચાવવા માટે કંઈ નથી કીધું. આ તો મેં પેસ્ટ્રી ખાધી હતી એ જ કહ્યું છે.'

'તને મમ્મીની બીક ના લાગી ? તું રોજ આમ બધાને સાચેસાચું જ કહી દે છે ? તારા મમ્મીને પણ ?', બીરવાએ નવાઈ સાથે પૂછ્યું.

'મારા મમ્મીએ મને બે વાત શીખવી છે, એક તો એ કે આપણાથી ઢાંકીને વ્યવસ્થિત મુકેલી વસ્તુઓ ક્યારેય ખવાય નહીં. અને બીજી એ કે ક્યારેય ખોટું બોલાય નહીં.', કહેતા કહેતા કીડીએ મોં પર ચોંટેલી પેસ્ટ્રી પર જીભ ફેરવી.



બીરવાને કીડી સાથે વાત કરવાની મજા આવતી હતી. તેથી એણે આગળ કહ્યું, 'તારા મમ્મી તને કંઈ નહીં કહેતા હોય, પણ મારા મમ્મીને આવવા દે. આજે તેં સાચું કીધું છે એટલે તારો વારો નીકળશે. આ સાંભળીને પણ તને બીક નથી લાગતી ?'

'જો છોકરી, મમ્મી તો મમ્મી જ હોય. પછી એ મારી હોય કે તારી હોય. મમ્મી હંમેશાં સાચું જ કહે. તારા મમ્મી મને વઢે એટલે મારે ખોટું બોલવાનું ? મમ્મી સામે તું ખોટું બોલે છે ?', કીડીએ સામો પ્રશ્ન પૂછતા કહ્યું.

'હા... હા... જ્યારે મને એમ લાગે, કે મમ્મી મને વઢશે ત્યારે હું ફટાક કરતા ખોટું કહી દઉં છું અને મમ્મીને ખબર પણ નથી પડતી ! અને ખોટું બોલવામાં નુકસાન પણ શું છે ?', બીરવાએ થોડું અકડાઈને પૂછ્યું.

'નુકસાન શું થાય એ તો મને ખબર નથી. તારે જાણવું હોય તો ચાલ મારી સાથે. મારી મમ્મીને જ પૂછી લેજે ને.' લટકો કરતા કરતા કીડી ચાલવા લાગી.

બીરવાને કીડીની વાતમાં રસ પડ્યો. આજે પહેલી વાર એને જાણવાની ઈચ્છા થઈ, કે ખોટું બોલવામાં નુકસાન શું થાય ? તેથી એ કીડીની પાછળ ચાલવા લાગી.

કીડી એક દર પાસે આવીને ઊભી રહી. સુગંધથી મમ્મી કીડી બહાર આવી. નાની કીડીને જોઈને ખુશ થતા બોલી, 'મારી વ્હાલુડી આવી ગઈ ? આજે તો કંઈક સ્વાદિષ્ટ ભોજન મળ્યું લાગે છે !' હજુ આગળ એ કંઈ પૂછે એ પહેલા બીરવા સામે દેખાઈ.

કીડી બોલી, 'મમ્મી, આજે તો આ છોકરીના ઘરે સ્વાદિષ્ટ ભોજન મળી ગયું. પણ આ છોકરી તો સાવ ફીક્કી વાતો કરે છે.'

આ સાંભળીને બીરવાએ જરા આંખો કાઢી.

કીડી મમ્મીએ કીડીને ચૂપ રહેવા ઈશારો કર્યો અને બીરવાને પૂછ્યું, 'મારી વ્હાલુડીની ફરિયાદ કરવા આવી છે ? આમ તો એ ઢાંકીને, સાચવીને મૂકેલી વસ્તુઓ ક્યારેય ખાતી તો નથી. પણ...'

'આજેય નથી ખાધી હોં મમ્મી, મેં તો આ છોકરીએ એમ જ ખુલ્લી મુકેલી અને નીચે ઢોળેલી પેસ્ટ્રી જ ખાધી છે. આ તો તમને કંઈક પૂછવા આવી છે.', નાની કીડીએ કહ્યું.




'આન્ટી, તમારી દિકરી એવું કહેતી હતી, કે ખોટું બોલવાથી નુકસાન થાય. તો મારે એ જાણવું હતું, કે શું નુકસાન થાય ?', બીરવાએ મમ્મી કીડીને સીધું જ પૂછી લીધું.

'જો બેટા, આ ખોટું બોલવાની ટેવ તો ચ્યુઈંગમ જેવી હોય. પહેલા તો મીઠી મીઠી લાગે અને પછી એને ચાવવાથી મોં દુખી જાય ને આપણને જ નુકસાન કરે !'

'એ કેવી રીતે ?', મમ્મી કીડીને વચ્ચે જ અટકાવતા બીરવાએ બીજો પ્રશ્ન પૂછ્યો.

'એક વાર ખોટું બોલે ત્યારે તું ના પકડાય, એટલે તને મજા આવી જાય. પછી તો બીજી વાર, ત્રીજી વાર... એમ તને ખોટું બોલવાની ટેવ પડી જાય. પણ આમ ખોટું બોલેલું ક્યારેક તો સામેવાળાને ખબર પડી જ જાય. ત્યારે એમનો આપણા પરથી વિશ્વાસ ઊઠી જાય અને પછી તો કોઈ આપણી વાત જ



ના માને.', મમ્મી કીડીએ સમજાવતા કહ્યું.

'તમારી વાત તો સાચી છે. ક્યારેક ક્યારેક મારી ફ્રેન્ડ પણ મને એમ જ કહે છે, કે તારી વાત પર મને વિશ્વાસ નથી. પણ ક્યારેક તો મારે ખોટું બોલવું નથી હોતું તો પણ બોલાઈ જાય છે. તો મારે શું કરવું ?', બીરવાએ પૂછ્યું.

'એ વાત તો મમ્મીએ મને કહી છે, કે ખોટું બોલાઈ જાય ત્યારે આપણે સામેવાળાની માફી માંગી લેવાની. સાચું કહ્યું ને મેં ?', મમ્મી સામે જોતા નાની કીડીએ પૂછ્યું.

'હા, હા. એકદમ સાચું કહ્યું. ખાલી માફી જ નહીં માગવાની. પણ ફરી હું ક્યારેય ખોટું નહીં બોલું એવું નક્કી પણ કરવાનું', મમ્મી કીડીએ નાની કીડીના માથે હાથ ફેરવતા જણાવ્યું.



'પણ આન્ટી, મને હજુ એ નથી સમજાતું, કે ખોટું બોલવામાં મજા નથી, તો પણ આ ખોટું બોલાતું કેમ હશે ?', બીરવાએ પોતાની મૂંઝવણ જણાવી.

'જો બેટા, ખોટું બે વાત માટે બોલાય. એક તો તને કંઈ જોઈતું હોય ત્યારે અને બીજું તને કોઈનો ડર હોય ત્યારે. પણ તું નક્કી કરે ને તો તારી આ ટેવ જતી રહેશે.', મમ્મી કીડીએ પ્રેમથી કહ્યું.

'આજે તો મને નવી જ વાત જાણવા મળી. તારા જેવા બહાદુર બનવાનો હું પણ આજથી પ્રયત્ન કરીશ. ચાલ મારી સાથે...', નાની કીડી સામે જોતા બીરવા બોલી.

'ક્યાં ?', નવાઈ પામતા કીડીએ પૂછ્યું.

'મમ્મીને કહેવું પડશે ને, કે પેસ્ટ્રી મેં ખાધી છે. આ વ્હાલુડી કીડીએ નહીં.', બીરવા હસતા હસતા બોલી.

'જો ફરી પાછું ખોટું બોલી ? મમ્મીને એમ કહેવું પડશે, કે થોડી પેસ્ટ્રી મેં ખાધી અને થોડી પેસ્ટ્રી તેં ખાધી.', કીડીએ હસીને કહ્યું.








થીઓ એન્ડ ફ્રેન્ડ્સ મહારાષ્ટ્રની ટૂર પર નીકળ્યા. આ વખતે રીઝોએ એવી એવી જગ્યાએ જવાનો પ્લાન બનાવ્યો, જેના નામ પણ કોઈએ સાંભળ્યા ના હોય. પણ એ જગ્યાઓએ જઈને બધાને જે મજા પડી, એની તો વાત જ શું કરાય ! કોંકણની લીલીછમ સીનરી ઝોઈએ એના કેમેરામાં એવી ભરી, કે કેમેરાની મેમરી પણ ઓછી પડી. થીઓને તો કોંકણ ફૂડનો એવો ચસ્કો લાગ્યો, કે દર ત્રીજા દિવસે એને સોલ કઢી અને ઉસળ યાદ આવતા. જીફ્ફીએ તો રીઝોના વખાણના પુલ બાંધી દીધા, 'રીઝો, આ બધી જગ્યાઓ

શોધીને તેં તો ખરેખર કમાલ કરી દીધી.' એ સાંજે બધાએ ચિપલૂણ શહેર જવાનો પ્લાન કર્યો. ચિપલૂણમાં અમુક મ્યૂઝિયમ જોયા અને પછી ફરતા ફરતા એક બુક સ્ટોરમાં પહોંચ્યા. ત્યાં એમને ગોપાલ કૃષ્ણ ગોખલેની બુક મળી. ગોપાલ કૃષ્ણ ગોખલે વિશે સ્કૂલમાં બધા ભણ્યા હતા. અને ભારતની આઝાદીમાં એમનો કેટલો મોટો ફાળો છે, એનો પણ બધાને ખ્યાલ હતો. એમનું મૂળ વતન ચિપલૂણથી ૨૫ કિલોમીટર દૂર હતું. જીફફીએ તરત જ એ બુક ખરીદી લીધી અને કહ્યું, 'આજે રાત્રે આ બુકમાંથી હું તમને વાર્તા કહીશ.'

રાત પડી અને જીફફીએ વાર્તા શરૂ કરી.

એક વાર ગોપાલ કૃષ્ણ ગોખલેના શિક્ષકે શાળાના વિદ્યાર્થીઓને ઘરેથી થોડા દાખલા ગણી લાવવા આપ્યા. ગોખલે ઘરે આવ્યા, ત્યારે એમનો એક મિત્ર એમના ઘરે બેઠો હતો. મિત્ર બહુ જ હોંશિયાર હતો. મિત્રની મદદ લઈને ગોખલેએ દાખલા ગણ્યા.

બીજા દિવસે તેઓ શાળામાં આવ્યા. શિક્ષકે બધાના દાખલા તપાસ્યા. ગોખલેના બધા જ દાખલા સાચા પડ્યા. શિક્ષક બહુ જ ખુશ થયા.

ગોખલેને ઈનામ આપવા માટે તેઓ આગળ વધ્યા. ઈનામ સ્વીકારવા માટે ગોખલે ઊભા થયા. શિક્ષક તરફ તેમણે થોડા પગલા ભર્યા. પણ એવામાં કંઈક યાદ આવતા

તેઓ ત્યાં જ ઊભા રહી ગયા.

વિદ્યાર્થીઓ અને શિક્ષક એમની તરફ જોઈ જ રહ્યા.

ગોખલે એકદમ દુ:ખી થઈ ગયા. આંખોમાંથી ટપક ટપક આંસુ પડવા લાગ્યા. શિક્ષકે આશ્ચર્ય સાથે પૂછ્યું, ‘તને તો ઈનામ મળે છે. તારે તો ખુશ થવાનું હોય. તું રડે છે કેમ ?’

ગોખલેએ ધીમા અવાજે કહ્યું, ‘આ ઈનામ ખરેખર મારું ના કહેવાય.’

‘તારા બધા દાખલાઓ સાચા પડ્યા છે. ઈનામ તો તને મળવું જ જોઈએ.’, શિક્ષકે કહ્યું.

ગોખલેએ કહ્યું, ‘સાહેબ દાખલા સાચા છે, પણ ખરી વાત તો એ છે, કે એમાં મેં મારા એક



મિત્રની મદદ લીધી છે. મેં જાતે ગણ્યા નથી.'

શિક્ષક અને વિદ્યાર્થીઓ આ સાંભળી જ રહ્યા. ગોખલેની આ સચ્ચાઈ જોઈને શિક્ષકને મનોમન થયું, 'જ્યાં સુધી આવા બાળકો ભારતમાં વસે છે, ત્યાં સુધી ભારતની પ્રગતિને કોઈ રોકી નહીં શકે.'

આ સ્ટોરી વાંચીને પહેલી વાર જીફફીની આંખમાં આંસુ નહીં પણ ચહેરા પર સ્માઈલ આવી. જાણે એને ગોપાલ કૃષ્ણ ગોખલેની સચ્ચાઈ પર ગર્વ ના થયો હોય ! પણ, રીઝો સાવ રડમસ બની ગયો.

'તને શું થયું ?', ઝોઈએ એને પૂછ્યું.

'તમે લોકો મારા વખાણ કરતા હતા, એટલે મેં તમને સાચી વાત ના કહી. ખરેખર ટ્રિપનું પ્લાનિંગ મેં નથી કર્યું. ગયા વર્ષે ટીગુ અહીં વેકેશન પર આવ્યો હતો. એણે જ મને આ આખો પ્લાન બનાવી આપ્યો છે.', રીઝોએ દુઃખી થઈને કહ્યું.

'અરે, એક તો તેં સાચી વાત કહી દીધી અને બીજું કે આપણે આટલું એન્જોય કરી રહ્યા છીએ, તો એમાં દુઃખી શું થવાનું ? ડીડીમા જઈને આપણે બધા ટીગુને 'થેન્ક યૂ' કહી દઈશું.', થીઓ એનું ફેવરિટ વડાપાંઉ ખાતા ખાતા બોલ્યો.

ચાલો માણીએ
વાર્તાઓની અદ્ભૂત સફર...

ઐતિહાસિક ઓડિયો વાર્તાઓ હવે
kids.dadabhagwan.org
વેબસાઈટ પર !

